# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે "મહિલા કૃષિ દિવસ"ની ઉજવણી

ભારત સરકારશ્રી તથા આઈ.સી.એ.આર. દ્વારા ૧૫ ઓકટોબરના રોજ "મહિલા કૃષિ દિવસ" ની ઉજવણી કરવાના નિર્દેશ અન્વયે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, દેવાતજ દ્વારા તા.૧૫.૧૦.૨૦૧૮ ના રોજ "મહિલા કૃષિ દિવસ" ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમ નિમિતે કેન્દ્રના વૈજ્ઞાનિક (બાગાયત) તેમજ પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) દ્વારા ફળ, ફૂલ તથા શાકભાજી મૂલ્યવર્ધન હરીફાઈ યોજવામાં આવેલ. સદર કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને શ્રી હિમાંશુભાઇ પારેખ, નાયબ બાગાયત નિયામકશ્રી, બાગાયત ખાતુ, આણંદ તથા અતિથી વિશેષમાં શ્રી ડી.કે.ગામીત, મામલતદારશ્રી, સોજીત્રા ઉપસ્થિત રહેલ તેમજ હરીફાઈમાં નિર્ણાયકો તરીકેની ફરજ બજાવેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. જી.જી.પટેલ દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં તેઓએ કૃષિમાં મહિલાઓનો ફાળો, તેમની અગત્યતા તેમજ મહિલાઓની કોઠા સૂઝ દ્વારા પરિવારમાં આગવું પ્રદાન બાબતે ચર્ચા કરી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. મામલતદારશ્રી, સોજીત્રા એ મહિલાઓના કૃષિમાં ફાળા બાબતે વિસ્તૃતમાં ચર્ચા કરી. શ્રી હિમાંશુભાઇ પારેખ, નાયબ બાગાયત નિયામકશ્રી દ્વારા બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ વિષેની માહિતી તેમજ મહિલાઓને કીચન ગાર્ડન તૈયાર કરવા પ્રેરણા આપી.

આ કાર્યક્રમમાં આણંદ જીલ્લાના અલગ અલગ ગામના ૧૦૨ મહિલા ખેડૂતોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો. શ્રીમતી અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન થકી મહિલા ખેડૂતો આર્થિક ઉપાર્જન મેળવી શકે તે બાબતે જણાવ્યુ. ડૉ. એસ.બી.કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) એ સફળ પશુપાલનની ગુરુ ચાવીઓ તેમજ સ્વચ્છ દૂધ ઉત્પાદન વીશેની જાણકારી આપી હતી. ડૉ. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) એ સજીવ ખેતી માટેની વિવિધ કમ્પોસ્ટીંગ પધ્ધતિઓ તેમજ બાયોગેસ પ્લાન્ટ વિષે માહિતી આપી.

તાંત્રિક બેઠક બાદ વલાસણ ગામના પ્રગતિશીલ મહિલા ખેડૂત શ્રીમતી રીતુબેન પટેલ દ્વારા શાકભાજી પાકોના પ્રોસેસીંગ વિશેના પોતાના અનુભવો વ્યક્ત કર્યા. ત્યારબાદ અજરપુરા ગામના પ્રગતિશીલ મહિલા ખેડૂત શ્રીમતી રેખાબેન પટેલ દ્વારા શાકભાજી પાકોની ખેતીના પોતાના અનુભવો વ્યક્ત કર્યા જે બદલ તેઓને કેવિકે દ્વારા પ્રમાણપત્રો આપીને સન્માનીત કરવામાં આવ્યા. ઉપરાંત ફળ, ફૂલ તથા શાકભાજી મૂલ્યવર્ધન હરીફાઈમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય એમ ત્રણ વિજેતા જાહેર કરી તેઓને પ્રમાણપત્ર તેમજ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ સર્વે બહેનોને ઔષધિય પાક કૌતુકાલય, કીચન ગાર્ડન તેમજ નર્સરીની મુલાકાત કરાવેલ. સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) તથા શ્રીમતી અંજલી એન. જાદવ, પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) કેવિકે, દેવાતજ દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ




कृषि विज्ञान केन्द्र देवातज


कृषि विज्ञान केन्द्र देवातज
जि. आणंद
१५/१०/२०१८


कृषि विज्ञान केन्द्र देवातज



